# સેકટરોના રૂટની બસો પથિકાશ્રમ અટકી જતા રોષ

## અપડાઉનકર્તાઓને ખાનગી વાહનોમાં પૈસા ખર્ચીને સેકટર સુધી પહોંચવુ પડે છે

ગાંધીનગર તા ૫

ગાંધીનગર અમદાવાદ વચ્ચે દોડતી શહેરી સર્વિસ રૂટની સેકટરોની



બસો પથિકાશ્રમથી આગળ ન જતા મુસાફરોમાં રોષ પ્રવર્તાયો છે. સેકટરોના સ્ટેન્ડ નિયત રૂટમાં હોવાછતા ડ્રાઈવર કંડકટરો મનમાની કરીને બસને નિયત રૂટમાં દોડાવતા ન હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. આ અંગે ડેપો મેનેજર કક્ષાએથી પણ યોગ્ય તપાસ કરી જરૂરી પગલા લેવાય તેવી માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર અમદાવાદ વચ્ચે દોડતી એસ ટી ની સલામત સવારીમાં અવાર નવાર ફરિયાદો ઉઠવા પામે છે. ઘણીવાર બ્રેક ડાઉનના લીધે મુસાફરોએ અધવચ્ચે અટવાઈ જવાનો વારો આવે છે. જયારે માર્ગ વચાળે અટવાતી બસને અન્ય બસોનુ જોડાણ ન મળવાના લીધે લાંબો સમય સુધી અપડાઉન કર્તાઓએ સમય બગાડવો પડતો હોવાની ફરિયાદો પણ વારંવાર ઉઠવા પામે છે. જયારે ગાંધીનગર અમદાવાદ રૂટની વચ્ચે દોડતી બસો પૈકી કેટલીક બસો નિયત રૂટ પ્રમાણે શહેરમાં ન દોડતી હોવાની પણ ફરિયાદો ઉઠવા પામી છે. જેમાં અમદાવાદથી આવતી સેકટરની બસો પથિકાશ્રમ જ સ્ટોપ કરી દેતા સેકટરોના મુસાફરોએ આગળ જવાનુ મુશ્કેલ બને છે. સે-૨૮ અને ૨૯ તરફની બસો પથિકાશ્રમ સુધી જ જાય છે. જેના પરિણામે સેકટરોના મુસાફરોએ એસ ટી ડેપોએ થી રીક્ષા કે ખાનગી વાહનોના સહારે સેકટરમાં પહોંચવાનો વારો આવે છે. સલામત સવારીમાં મુસાફરી કરીને પણ આમ નાગરિકોએ ખાનગી વાહનોમાં બેસવાનો વારો આવતા વધારનો ખર્ચ પણ થાય છે. આ સ્થિતિને ધ્યાને લઈ એસ ટી ની સેકટર રૂટની બસો નિયત રૂટમાં દોડે તેવી વ્યવસ્થા ગોઠવાય તેવી પણ માંગ ઉઠવા પામી છે. આ મામલે ડેપો મેનેજર કક્ષાએથી યોગ્ય તપાસ કરીને પગલા લેવાય તેવી પણ માંગ ઉઠવા પામી છે.



**યુજીવીસીએલના બીજ બિલ પોઈન્ટ ઓફ સેલ દ્વારા સ્વીકારવાનો ગાંધીનગરથી પ્રારંભ**

રાજયમાં યુજીવીસીએલ દ્વારા આજે ગાંધીનગર ખાતેથી વીજ બીલનું પેમેન્ટ પોઈન્ટ ઓફ સેલ (પીઓએસ)થી શરુ કરાયું હતું. ગાંધીનગર સબડિવિઝન ખાતે આજે યુજીવીસીએલના મેનેજીંગ ડીરેકટર શ્રી બી.એ. શાહ, મહાપ્રબંધક (નાણાં) શ્રી આર.બી. કોઠારી અને અધિક્ષક ઈજનેરશ્રી એસ.પી. વૈદ્યની ઉપસ્થિતિમાં આ સેવાનો પ્રારંભ થયો હતો. યુજીવીસીએલના તમામ ૧૩૫ સબડિવિઝન હેઠળ આવરી લેવામાં આવેલા ૩૩ લાખ વીજ ગ્રાહકોને આ સેવા તબક્કાવાર આપવા માટે પગલાં લેવામાં આવ્યા છે. બીઓઆઈ દ્વારા આ પોઈન્ટ ઓફ સેલ યુજીવીસીએલને આપવામાં આવ્યા છે. ડિજિટલ પેમેન્ટ માટે યુજીવીસીએલ દ્વારા વિવિધ વિકલ્પો પણ પુરા પાડવામાં આવ્યા છે.

# હોસ્પિટલના એનઆઈસીયુ વોર્ડમાં સ્ટાફની "લાલિયાવાડી"

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજ નિતનવી ફરિયાદો ઉઠવા પામે છે. તંત્રના અધિકારીઓ એક ફરિયાદનો નિવેડો લાવે ત્યાં બીજી ફરિયાદ ઉભી જ થઈ જાય છે. ત્યારે એનઆઈસીયુ વોર્ડના કર્મચારીઓની ગંભીર બેદરકારી સામે આવી છે. જેમાં કાચની પેટીમાં રાખવામાં આવેલ બાળકના મોં પર કીડીઓ ચડી ગઈ હતી. આ બાળકને જોવા માટે તેની



માસી વોર્ડમાં ગઈ ત્યારે બાળકના મોં માંથી લોહી પણ નીકળતુ હતું.

બાળકની તબિયત નાજુક થતા તેને તાત્કાલીક અમદાવાદ રીફર કરવામાં આવ્યો હતો. જયારે બાળકના માતા-પિતા તેમજ માસીએ એનઆઈસીયુ વોર્ડમાં ફરજ બજાવતા કર્મચારીઓ સામે ગંભીર બેદરકારીના આક્ષેપો કર્યા છે. છતા પણ કર્મચારીઓને કાંઈ બન્યુ ન હોય તેવુ લાગી રહ્યું છે. કર્મચારીઓ પર તંત્રએ લગામ કસવી અનિવાર્ય થઈ રહી છે. ત્યારે કર્મચારીઓ સામે દંડનીય કાર્યવાહી તંત્ર દ્વારા કરવામાં આવશે તો જ અન્ય કર્મચારીઓ પણ ફરજમાં બેદરકારી દાખવતા પહેલા વિચાર કરશે. ત્યારે આગામી સમયમાં આ અંગે સિવિલના સતાધિશો શુ કરે છે તે જોવુ રહ્યું ...?

હોય તેવો ઘાટ ઘડાય છે.હોસ્પિટલના કર્મચારીઓ પગલા ન ભરાતા બિન્દાસ બની જાય છે અને ફરજમાં બેદરકારી દાખવતા હોય છે. ત્યારે હોસ્પિટલના એનઆઈસીયુ વોર્ડમાં નાના બાળકોની તબિયત નાજુક હોય ત્યારે રાખવામાં આવે છે.

આ વોર્ડમાં કર્મચારીઓ બાળકના વાલીઓને જવા દેતા નથી તેવી ફરિયાદો થોડાક દિવસો પહેલા જ ઉઠવા પામી હતી.



રાજ્ય સરકારની મુખ્યમંત્રી અમૃતમ-વાત્સલ્ય કાર્ડ યોજના અંતર્ગત ચિલોડા ગામે સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા યોજનામાં નામ નોંધણી માટે કેમ્પ યોજાયો હતો. જેમાં ગરીબી રેખા હેઠળ જીવતા અને ૧.૨૦ લાખથી ઓછી આવક ધરાવતા ગરીબોને તબીબ સેવા મળી રહે તે માટે નામ નોંધણી કરી તેમને કાર્ડ કાઢી આપવામાં આવ્યા હતા.

# આર.જી. પટેલ ગર્લ્સ સ્કુલની બે વિદ્યાર્થીનીને સુવર્ણચંદ્રક

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરની આર.જી. પટેલ ગર્લ્સ સ્કુલની બે વિદ્યાર્થીની ચૌધરી વૈદેહી સુરેશભાઈ અને ચૌધરી ઋત્વી રમેશભાઈએ તાજેતરમાં પુના ખાતે યોજાયેલ લોન ટેનિસની સ્પર્ધામાં અંડર-૧૯માં ભાગ લઈ ગોલ્ડ મેડલ મેળવી સંસ્થા અને સમાજનું નામ રોશન કર્યું હતું.

આ સાથે આ જ વર્ષે આંતરરાષ્ટ્રીય લોન ટેનિસ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ પણ મેળવ્યો હતો. બંને વિદ્યાર્થીનીઓને સ્કુલના આચાર્ય શ્રીમતી સુધાબેન પટેલ, સુપરવાઈઝર ગીતેષભાઈ પટેલ, ગીતાબેન પટેલ, મનુભાઈ પટેલ અને વ્યાયામ શિક્ષીકા ઉર્વશીબેન જોષીએ અભિનંદન પાઠવ્યા હતા.

## ઠંડીમાં સહેજ વધારો

ગાંધીનગર, તા.૫

ઠંડીમાં વધઘટ ચાલુ જ રહી છે. લઘુત્તમ તાપમાનનો પારો બે ડિગ્રી જેટલો ઘટતા ઠંડી વધી છે. વસાહતીઓ હાલમાં ફુલગુલાબી ઠંડીનો અહેસાસ કરી રહ્યા છે.

કાશ્મીરમાં પુનઃ બરફ વર્ષા થતાં તેની અસર તળે ગુજરાતમાં ઠંડી વધી છે. લઘુત્તમ તાપમાન ગઈકાલે ૧૧.૫ ડિ.સે. નોંધાયું હતું. જેમાં આજે એક ડિગ્રી જેટલો ઘટાડો થતાં તાપમાન ૧૦.૨ ડિ.સે. પહોંચ્યુ છે. મહત્તમ તાપમાનમાં પણ ઘટાડો થયો છે. દિવસે ફુંકાતા ઠંડા પવનોના કારણે ગરમ વસ્ત્રો પહેરવાની ફરજ પડે છે. વસાહતીઓ હાલમાં ફુલ ગુલાબી ઠંડીનો અનુભવ કરી રહ્યા છે.



**એનઆઈસીએમમાં જીએસઆઈડીએસ આયોજીત બે દિવસીય વર્કશોપ યોજાયો**

ગાંધીનગર શહેરના આંગણે ચ-૦ પાસે આવેલ એનઆઈસીએમ કેમ્પસ ખાતે ગત્ તા. ૨૯ અને ૩૦ ડિસેમ્બરના રોજ જીએસઆઈડીએસ દ્વારા ધ અકેડેમીયા ઓન હ્યુમન ડેવલોપમેન્ટ ઈન્ડીકેટોર એન્ડ ઈટ્સ કેરીકુલમ ડિઝાઈનીંગ શીર્ષક હેઠળ બે દિવસીય વર્કશોપ યોજાયો હતો. આ વર્કશોપમાં ૧૦૦ થી વધુ અધ્યાપકો એ આ કાર્યક્રમમાં હાજર રહીને હ્યુમન ડેવલપમેન્ટ વિષય પર યુનિવર્સીટી માટે કોર્ષ ડિઝાઈન કર્યો હતો. ઉપરોકત વિષયમાં એનઆઈસીએમ દ્વારા ડીએચડીઆર રીપોર્ટ બનાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે એ.જે.શાહ (કમિશનર હાયર એજ્યુકેશન), નિતિન વાઘેલા( અંડર સેક્રેટરી પ્લાનિંગ), ડો.જીજ્ઞા ત્રિવેદી (ડાયરેકટર એનઆઈસીએમ),સહિત જીએસઆઈડીએસના અધિકારીગણ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા ડો. હરિશચંદ્રસિંહ રાઠોડ, એનઆઈસીએમના તમામ ફેકલ્ટી મેમ્બર્સ ભારે જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે એ.જે.શાહે રાજયની તમામ યુનિવર્સીટીને માનવ વિકાસ નો કોર્ષ શરુ કરવા જણાવ્યું હતું.

# કડકડતી ઠંડીનો અભાવ અને દિવસનું ઊંચા તાપમાનથી ખેડૂતો ચિંતાતુર

ગાંધીનગર, તા. ૫

હવામાનમાં સતત થઈ રહેલા બદલાવને પગલે ઘઉં અને બટાટાની ખેતીના ઉત્પાદન પર વિપરીત અસરો પડવાના ભયથી ખેડૂતો ચિંતાતુર બન્યા છે. પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે દિવસે ગરમીનો પારો ૩૦ ડિગ્રીથી ઉપર જઈ રહ્યો હોવાથી અને રાત્રિના સમયે ૧૫ ડિગ્રી સુધીનું તાપમાન નોંધાઈ રહ્યું છે. જે ઘઉં અને બટાટાના પાક માટે ચિંતાજનક જણાય છે.

ઘઉં અને બટાટાના પાકને ઠંડી વધુ તેમ ઉત્પાદન વધારે સારૂ મળતુ હોય છે. ખેડૂતો ઉભી થઈ રહેલી પરિસ્થિતિથી વધારે ચિંતાતુર બન્યા છે. જિલ્લામાં ૨૬ હજાર હેક્ટરમાં ઘઉંનું વાવેતર થયુ છે. જયારે બટાટાનું વાવેતર ૮ હજાર હેક્ટર જેટલા વિસ્તારમાં નોંધાયેલું છે. આ પરિસ્થિતિ જો વધુ સમય સુધી ચાલુ રહે તો તેનાથી ઉત્પાદન પર વિપરીત અસરો પડે તેવો ભય ઉભો થયો છે.

૧૫મી જાન્યુઆરી પછી ઠંડી ગાયબ થઈ જશે તેવી આગાહીની વાતો પણ ખેડૂતોને વધુ ચિંતાતુર બનાવી રહી છે.

મળતી વિગતો પ્રમાણે નોટબંધીને પગલે ખેડૂતોએ ઘઉંનું વાવેતર મોડુ થયુ હોવાનું સ્વિકાર્યું છે. તો બીજી તરફ આ વખતે શાકભાજી અને ઘાસચારાના વાવેતર તરફ ખેડૂતો વધુ વળેલા જણાયા છે.

જિલ્લામાં ૬૮ હજાર હેક્ટરમાં વાવેતર થયુ છે. જેમાં ઘઉ અને બટાટાની ખેતી ૫૦ ટકા જેટલા વિસ્તારમાં થયેલી છે તે ઉલ્લેખનીય છે.



ઉત્તરાયણ પર્વ એટલે આનંદ ઉત્સાહનો તહેવાર. પરંતુ આ પર્વમાં પતંગ ચગાવતી મજા સાથે દાન-પુણ્યનો અનેરો મહિમા પણ સમાયેલો છે. મકરસંક્રાંતિના પર્વ નિમિત્તે નગરજનો શ્વાનને લાડુ તેમજ ગાયને લીલો ચારો ખવડાવીને દાન-પુણ્ય કરીને સાત કર્મોનું ભાથુ બાંધે છે. ત્યારે શહેરમાં સેક્ટર-૩-એ ખાતે રહેતા મહિલાઓ પણ છેલ્લા ત્રણ વર્ષથી ઉત્તરાયણ પર્વમાં ૩૦ કિલોથી વધુના લાડવા બનાવી શ્વાનને ખવડાવે છે. ત્યારે શ્વાન માટે લાડુ બનાવાની કામગીરી કરતી બહેનો તસવીરમાં દશ્યમાન થાય છે.

# લાયોનેસ કલબ દ્વારા મેડિકલ ચેક-અપ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૫

લાયોનેસ કલબ દ્વારા સોલૈયા ખાતે આઈ ચેક અપ, ડાયાબિટીસ ચેક અપ, બ્લડપ્રેશર ચેક અપનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં સમગ્ર સૌલૈયા ગામમાંથી ૩૮૯ જેટલા લોકોનું આઈ ચેક અપ, ડાયાબિટીસ ચેક અપ ૨૩૯ અને બ્લડપ્રેશર ચેક અપ ૨૩૯ લોકોનું કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત આયુષ સંસ્થાના સહયોગથી કેન્સર જાગૃતિ અંગેનો પણ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. તેમાં લગભગ ૩૦૦૦ લોકો જોડાયા હતા. તેમાં વ્યસન અંગેની ફિલ્મ અને મહિલાઓને તથા કેન્સર અંગેની જાગૃતિ લાવવા માટે પ્રયત્ન કરાયો હતો.

આ સાત દિવસીય શિબિરમાં ગામડાના સારા ગુણો કોલેજના સ્વયંસેવકોને શીખવા મળ્યા હતા. શહેર અને ગ્રામ્ય સંસ્કૃતિનું આદાન પ્રદાન દ્વારા વિદ્યાર્થીઓને પણ પોતાના વ્યકિતત્વનો વિકાસ સમાજ સેવા થકી કરવા મળ્યો હતો.

આ સાત દિવસીય શિબિર વિદ્યાર્થીની કારકિર્દી વિકાસમાં ખૂબ જ અગત્યન ફાળો આપશે. સફળતાપૂર્વકના કેમ્પના આયોજન માટે પ્રિન્સીપાલ ડૉ. વિજ્ઞા ઓઝાએ તમામ શિબિરાર્થીઓને અભિનંદન આપ્યા હતાં.

# વાયબ્રન્ટ માટે પાંચસોથી વધુ લાયઝન અધિકારીઓની નિમણુંક

ગાંધીનગર, તા. ૫

વાયબ્રન્ટ સમિટનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. આગામી દિવસોમાં શરૂ થનાર વાયબ્રન્ટ સમિટમાં ભાગ લેવા આવનાર એક હજારથી વધુ ડેલીગેટ્સની આગતા-સ્વાગતા માટે પાંચસો જેટલા ઉચ્ચ અધિકારીઓને લાયઝન ઓફિસર તરીકેની ફરજ સોંપવામાં આવી છે.

વાયબ્રન્ટ સમિટ શરૂ થવાને આડે હવે માત્ર થોડાક જ દિવસો બાકી રહ્યા છે. વાયબ્રન્ટ સમિટ અને તેની સાથે યોજાનારા કાર્યક્રમોમાં ભાગ લેવા માટે દેશ-વિદેશના એક હજારથી વધુ મહેમાનો ૮ મી, ૯મી થી જ આવવાના શરૂ થઈ જશે. આ ડેલીગેટ્સની તમામ દેખરેખ અને સંભાળ માટે ઉચ્ચ અધિકારીઓને લાયઝન ઓફિસર તરીકેની ફરજ સોંપવામાં આવી છે. આ ઉચ્ચ અધિકારીઓ મહેમાનો એરપોર્ટ પર આવે ત્યાંથી લઈને પરત જાય ત્યાં સુધી તેઓની સતત સાથે જ રહેશે.

લાયઝન ઓફિસર તરીકે મોટા ભાગે ક્લાસ-૧-૨ના અધિકારીઓને ફરજ સોંપવામાં આવી છે. સચિવાલયના અન્ડર સેક્રેટરી, ડેપ્યુટી સેક્રેટરી અને જોઈન્ટ સેક્રેટરી કક્ષાના અધિકારીઓ, બોર્ડ કોર્પોરેશનના મેનેજર કક્ષાના અધિકારીઓ અને મોટા કોર્પોરેટ ગ્રુપના મેનેજર કક્ષાના અધિકારીઓને વિવિધ જવાબદારીઓ સોંપવામાં આવી છે. આ મહેમાનોને ક્યાં ઉતારો અપાયો છે, કયા કયા કાર્યક્રમોમાં તેઓને આમંત્રણ આપવામાં આવ્યું છે, તેઓને કયા કયા સ્થળની મુલાકાતે લઈ જવાના છે અને કોને મળવા લઈ જવાના છે તેવી તમામ બાબતોની જાણકારી લાયઝન ઓફિસરોને આપવામાં આવશે. આ માટે એક દિવસની તાલીમનું આયોજન પણ કરવામાં આવ્યું છે. આ લાયઝન અધિકારીઓને પોતાના વાહનમાં જ એરપોર્ટ સુધી જવાનુ રહેશે. મહેમાનો માટેની લક્ઝ્યુરીયર કારોમાં તેઓનું એસ્કોટીંગ કરીને હોટલ સુધી અને તે પછી વિવિધ કાર્યક્રમોમાં લઈ જવાના રહેશે. આ તમામ અધિકારીઓને સ્કાય બ્લુ શર્ટ અને બ્લેક પેન્ટનો ડ્રેસકોડ આપવામાં આવ્યો છે. અધિકારીઓને શર્ટ સરકાર તરફથી આપવામાં આવશે. જ્યારે પેન્ટ જાતે જ લાવવાનું રહેશે. આ ઉપરાંત લાયઝન અધિકારીઓને ફુડ વાઉચર આપી તેઓની સુવિધા પણ સાચવવામાં આવી છે.

**દેશ-વિદેશથી આવી રહેલા એક હજાર જેટલા મહેમાનોની આગતા સ્વાગતા માટે ક્લાસ-૧-૨ કક્ષાના અધિકારીઓને તહેનાત કરાયા : તમામને એક દિવસની તાલીમ**



# ગાંધીનગર મહાનગર પાલિકાના કર્મચારીઓએ પડતર પ્રશ્નો અંગે મુખ્યમંત્રીને રજુઆત કરી

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર મહાનગર પાલિકામાં ફરજ બજાવતા તમામ કાયમી સફાઈ કામદારોના વર્ષોથી પડતર પ્રશ્નોનો ઉકેલ આવવા પામ્યો નથી.સફાઈ કામદારોના પ્રશ્નોમાં મુખ્યત્વે સાતમા પગારપંચનો લાભ આપવો, પેન્શનનો લાભ, કર્મચારીઓને સરકારી આવાસ ફાળવવા સહિતનો છે. તંત્ર સમક્ષ વારંવાર લેખિત તેમજ મૌખિક ફરિયાદ સફાઈ કામદારો કરી ચુક્યા છે છતા હકારાત્મક અભિગમ તંત્ર કક્ષાએથી આવ્યો નથી. ત્યારે રોષે ભરાયેલા સફાઈ કર્મચારીઓ તા.૬ જાન્યુઆરીના રોજ સવારે ૧૨.૩૦ કલાકે મનપા કચેરી ખાતે એકઠા થઈને પ્રદર્શન કરશે. ગાંધીનગર મહાનગર પાલિકામાં ફરજ બજાવતા કાયમી સફાઈ કામદારોના વર્ષોથી પડતર પ્રશ્નો છે તેમાં પાલિકાના કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ આપવામાં આવેલ નથી. પાલિકામાંથી નિવૃત થયેલા કર્મચારીઓને વર્ષ -૨૦૧૦ થી પેન્શનનો લાભ આપ્યો નથી. ચોથા વર્ગના કર્મચારીઓ ચાલુ ફરજ દરમિયાન અવસાન પામેલ છે તથા ૫૪ વર્ષિય આયુષ્ય એ અનફીટ કરી વારસદારને નોકરીમાં સમાવેશ કરવો.આઉટસોર્શિગ પ્રથા નાબુદ કરીને ૩૦૦ કામદારોને કાયમી કરવા વર્ષ-૨૦૧૩ થી નિમણુંક પામેલ ૯૪ કર્મચારીઓને રહેણાંક આપવામાં આવેલ નથી. તમામ પ્રશ્નોનુંનિરાકરણ છેલ્લા ઘણા સમયથી આવ્યુંનથી. ત્યારે સફાઈ કામદારો રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે તા.૬ જાન્યુઆરીના રોજ સવારે મનપા કચેરી ખાતે પોતાનો રોષ પ્રદર્શિત કરશે.

# પાંચ રાજ્યોમાં પ્રચારમાં ગુજરાતના કાર્યકર રહેશે

અમદાવાદ, તા.૫

પાંચ રાજ્યોમાં ચૂંટણી પ્રચાર કરવા માટે ગુજરાતમાંથી ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો ઉત્સાહપૂર્વક જોડાય તેવી શક્યતા દેખાઈ રહી છે. ઉત્તરપ્રદેશમાં પણ જુદા જુદા રાજ્યોના કાર્યકરો પહોંચનાર છે ત્યારે ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો ગુજરાતમાંથી પણ પહોંચશે.

આ પાંચેય રાજયોની ચૂંટણીમાં ખાસ કરીને ઉત્તર પ્રદેશ જવા દેશના સૌથી મોટા રાજયની ચૂંટણીના પ્રતિષ્ઠા ભર્યા જંગમાં શાનદાર દેખાવ કરવા ભાજપ અને કોંગ્રેસે કમર કસી છે અને આ રાજ્યોમાં દેશભરનાં કાર્યકર્તાઓ ચૂંટણી પ્રચાર માટે ધામા નાંખશે જેમાં ગુજરાતમાંથી પણ સેંકડો કાર્યકરોને રવાના કરવા બંન્ને પક્ષોએ યોજના ઘડી કાઢી હોવાનું સુત્રોએ જણાવ્યું હતું. કોંગ્રેસ પક્ષ તરફથી ખાસ કરીને ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડ જેવા રાજયોમાં ૫૦૦થી પણ વધુ કાર્યકરોને જથ્થો રવાના કરવામાં આવશે. અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિ દ્વારા આ અંગે પ્રદેશ કોંગ્રેસને સત્તાવાર સુચના બાદ ખાસ કરીને અમદાવાદ, કચ્છ, સુરત, મહેસાણા અને વડોદરાથી મોટી સંખ્યામાં હિદી ભાષી કાર્યકરોને ચૂંટણી પ્રચાર માટે આ રાજ્યોમાં મોકલવામાં આવશે.